સેક્સ અને સ્ત્રીઃ સીધું અને સટ

માનસી જોષી

feedback.ladki@bombaysamachar.com

# ઘરનો કે મનનો ઉંબરો ઓળંગવો સહેલો નથી



**ભારતીય** સ્ત્રીઓ સેક્સ વિશે વાત તો દૂર, વિચારી નથી શકતી કે ન તો પોતાની જાતને અભિવ્યક્ત કરી શકે છે. આ માન્યતા મોટેભાગે, સાચી છે, પણ એક્સ્ટ્રા મેરિટલ અફેરમાં પુરુષની સામે સ્ત્રી જ હોય છે.તેને પણ પુરુષની જરૂર છે તેથી જ એ રિલેશનશીપમાં જોડાય છે. આજની આધુનિક સ્ત્રી કે સદીઓ પહેલાંની સ્ત્રી હોય, પણ કેટલીક સ્ત્રીઓ આ અંગે સભાન હતી જ. દરેક સ્ત્રીને સમજાતું હતું કે તેને પ્યાસ છે અને તે પ્યાસ બુઝાવવી પણ જરૂરી છે. આપણી કેટલીક વાર્તાઓમાં અનેક સ્તરે સ્ત્રીની લાગણીઓને સુંવાળા રેપરમાં વીંટીને રજૂ કરવામાં આવી છે. સ્ત્રીને સમજાતું હોય છે કે પુરુષની નજરને કેમ પોતાની તરફ વાળવી. પુરુષને અહીં પણ પોતાની મર્યાદાનો ખ્યાલ આવી ગયો હશે એટલે જ તેણે પિતૃસત્તાક સમાજની રચના કરી અનેક બંધનો સ્ત્રીઓ પર લાદ્યા.

સેક્સ નામનો સુંવાળો સાપ તેમાંથી પણ રસ્તા કરી જ લેતો હતો. તમને થશે કે સેક્સની કોલમમાં આ શું ફિલોસોફી માંડી છે પણ કેટલીક પૂર્વભૂમિકા જરૂરી છે. સ્ત્રીના જીવનમાં તકલીફો સતત રહી જ છે. ગ્રંથિઓ બંધાઈ છે તૂટી છે, સમાજની, સ્ત્રીઓની ... સહેલું નથી ઉંબરો ઓળગંવો ઘરનો અને મનનો. વાત કરુ સરલાકાકીની... વરસો પહેલાં અમે જ્યાં રહેતાં હતાં ત્યાં પડોશી તરીકે એક કુટુંબ હતું. તેમાં બે ભાઈ... તેમની જુદી રૂમો. નાના ભાઈની પત્ની ગુજરી ગયાં હતાં વરસો પહેલાં. મેં તેમને એકલા જ રહેતા જોયા હતા. એટલામાં અચાનક તેમના લગ્ન નક્કી થયા. તેમનાથી અડધી ઉંમરની ગરીબ ઘરની છોકરી સરલા સાથે. પિસ્તાળીસેક વરસના કાકા અને ૧૯ વરસની છોકરી . દેખાવમાં જરાય આકર્ષક નહીં. મારાથી પાંચેક વરસ મોટી. લગ્ન કરીને આવ્યા બાદ સરલા સાથે મારો ઘરોબો વધ્યો. કામસૂત્રમાં પણ એમ કહ્યું છે કે સ્ત્રીઓને સેક્સ વિશેની માહિતી તેમનાથી મોટી ઉંમરની સખી સરીખી સ્ત્રી આપે.

સેક્સનું કેટલુંક જ્ઞાન આમ અજાણપણે સરલાકાકી પાસેથી મળ્યું. શરૂઆતમાં તો તેઓ પોતાની વેદના ઠાલવતાં... તેમને કાકા ગમતા નહોતા. ગરીબીને કારણે સારા ઘરમાં જઈને છોકરી સુખી થશે માનીને માબાપે પરણાવી દીધી. તેને અરમાન હતા કોઇ યુવાનને પ્રેમ કરવાના , પરણવાના... આ બધી વાતો દરમિયાન તે ગેલેરીમાંથી આવતાં જતાં પુરુષોને ટીકી ટીકીને જોયા કરતાં. ઊંચો પહોળો પુરુષ હોય તો તેના ચહેરાના ભાવ બદલાતાં. ક્યારેક બોલી ઊઠતા સરસ દેખાય છે ને હાઈટ બોડી ગમે એવા છે. ત્રણ ચાર વરસો બાદ મારી સાથે વધુ ખૂલીને વાત કરતાં. તે દરમિયાન આસપાસમાં તેના વિશે અનેક વાતો ફેલાઈ... અનેક આસપાસના પુરુષો સાથેના તેના સંબંધોની... તેના પિયરમાં ય તેનો કોઇ પ્રેમી છે અને પ્રથમ વાર તે ગર્ભવતી થઈ હતી તે એ પ્રેમીનું બાળક છે વગેરે વગેરે. આ વાતો થતી તે દરમિયાન પણ મેં આસપાસના પુરુષોને તેની સાથે વાત કરતાં હોય ત્યારે ભૂખી નજરે તાકી રહેતા જોયા છે. એકવાર વાતવાતમાં મને કહે... મારા વિશે અનેક વાતો થાય છે, મને ખબર છે, એમાં કેટલુંક સત્ય પણ છે અને નથી પણ. મારી શરીરની ભૂખ કાકા સંતોષી શકતા નથી. મને ભૂખ છે અને મને પુરુષો પણ મળી જ રહે છે. એમાંથી હું શોધું છું જે ખરેખર મને સંતોષી શકે. બાકીના તો રમકડાં છે. મને ગમતો પુરુષ ન મળે ત્યાં સુધી એ રમકડાંઓથી રમીશ. મારો શું ગુનો કે મારે મનને મારીને જીવવાનું. અઘરું છે એવું જીવવું . અને એક જ વારતો જીવવાનું છે.

સહજ કુતૂહલતાથી મારાથી પુછાઈ ગયું ક્યાં મળો તમે અને કોણ કોણ છે. મેં સાંભળેલા નામમાંથી બે ત્રણ નામ માટે તેણે કહ્યું કે એ લોકો ફેંકે છે. તેઓ તો પુરુષમાં ય પૂરા નથી. સ્ત્રીને સંતોષવા માટે પુરુષની ત્રેવડ હોવીય જરૂરી છે. એવા લોકો પોતાનું પુરુષાતન વધારે છે એવું દર્શાવવા વાતો વહેવડાવે. બાકી ખરો પુરુષ ચૂપ રહે. અમે સગવડ હોય તો ઘરે અને નહીં તો કલાક બે કલાક માટે હોટલમાં રૂમો મળે છે.

તે સમયે સરલાનો સંબંધ અમારા એક બીજા પડોશી સાથે ચાલતો હતો તેવું જ્યારે મને કહ્યું ત્યારે આશ્ચર્ય થયેલું. કારણ કે એ પુરુષ સરલાની ઉંમરનો ખરો પણ તેની પત્ની સરલાથી અનેક ઘણી સુંદર અને ભણેલી હતી. તો પછી કેમ તે સરલા સાથે સંબંધ બાંધતો હતો. સરલાએ ખંધુ હસતાં કહ્યું હતું કે ગાંડી, પુરુષને સંતોષ આપવાની કળા પણ સ્ત્રીમાં હોવી જોઇએ. સ્ત્રીના દેખાવ કરતાંય તેની કામશક્તિ વધારે મહત્ત્વની છે. અનેક પુરુષો સાથે સંબંધ બાંધીને હું અનુભવથી ઘડાઈ છું. બીજું મારો એક પ્રેમી મને કેટલાંક પુસ્તકો વાંચવા આપતો. તે વાંચીને ય એમાંથી ઘણું જાણી ચૂકી છું. તે સમયે એવાં એટલે કેવા પુસ્તકો મને ખબર નહોતી. એટલે સરલાએ મને કબાટની સાડીઓની થપ્પીમાંથી એક પુસ્તક બતાવ્યું. ત્યારબાદ તેમના સંબંધો બંધાતા તૂટતાં રહ્યાં પુરુષો સાથેના સંબંધોની વાત મે કહી શકતા. મને તેની ઘૃણા નહોતી થતી, પણ દયા આવતી. એકંદરે સરલા ખરાબ નહોતી... પણ તેણે જબરા હોવાની પોતાની છાપ ઊભી કરી હતી જેથી કોઇ તેને હેરાન ન કરે કે ગમે તે બોલી ન જાય. પોતાના ઘરનું અને વરનું ય ધ્યાન રાખતી. બાળકો થયા બાદ તેમને ય યોગ્ય રીતે સાચવતી. પરંતુ તેની શરીરભૂખ સંબંધોના જાળાં બાંધતી. છેવટે અમારી પડોશમાં એક યુગલ રહેવા આવ્યું. એ યુગલને બાળક નહોતું. સરલા અને તે પુરુષ વચ્ચે પ્રણયસંબંધ બંધાયો. જે શરીર પૂરતો જ સીમિત નહોતો. પહેલાં ચોરીછૂપીથી અને છેવટે તેઓ કશું જ છુપાવ્યા વિના મળતા ઘરમાં જ. ન કોઇ ઝઘડા થયા કે ન તો કાપાકાપી કે ન ઊહાપોહ. હા શરૂઆતમાં નાની ચણભણ થઈ પુરુષના ઘરમાં, પણ છેવટે આ સંબંધ અને બન્ને ઘર સરસ રીતે સચવાયાં. આ વિશે વાત કરતાં સરલાએ મને કહ્યું કે વરસોથી જેની તલાશ હતી તે પુરુષ આ છે. હવે આના સિવાય બીજા પુરુષની મને જરૂર નથી. ત્યાં સુધી મેં અનેક પુરુષોને માણ્યા, તો કેટલાકને નકાર્યા યે ખરા. ભલે હું કાળી શીતળાની ડાઘવાળી પણ મનેય ઇચ્છાઓ હતી. મારા કેટલાક અરમાન તો પૂરા ન થયા પણ હવે મારે ઠરીઠામ થવું છે. મનગમતો પુરુષ મને મળ્યો જે તનમન બન્નેની તૃષા છુપાવે છે.

ત્યારેય મેં સરલાને સવાલ પૂછ્યો હતો કે શું સ્ત્રીને મનથી પ્રેમ કરનારો જોઈએ છે કે તનથી પ્રેમ કરનારો પુરુષ જોઈએ છે. તો સરલાએ પોતાનો સરળ જવાબ આપ્યો હતો કે બન્ને જોઈએ. પ્રેમ તો તારા કાકા પણ કરતા જ હતા મને. એમણે મને સાચવી છે. ઘર,નામ અને સમાજમાં માન પણ આપ્યું. સ્વતંત્રતાય આપી, પણ શરીરની ભૂખ તેઓ નહોતા સંતોષી શકતા.સ્ત્રીના શરીરને ઓળખવું, તેને પ્રેમ કરવો, લાડ લડાવવા તે ય જરૂરી છે.અને તે મને આ પુરુષે પૂરા સંતોષ સાથે આપ્યું. મારા શરીરને તેણે પ્રેમ કર્યો મનથી. એટલે જ મને સંતોષ થયો. નહીં તો હજી મને પુરુષની તલાશ હોત. હજી પણ તેમના સંબંધો એટલા જ જીવંત છે, કાકા નથી રહ્યા પણ સરલા વિધવા નથી. સરલાની જેમ બિન્દાસ જીવન જીવનારી સ્ત્રી કોઇક જ હોય, પણ આસપાસ નજર નાખતાં સ્ત્રી-પુરુષના અનેક સંબંધોના ગૂંચવાયેલા જાળાં નજરે ચઢે જ છે. કારણ કે પુરુષને સ્ત્રીની જેટલી જરૂર હોય છે તેટલી જ જરૂરત સ્ત્રીઓને પણ પુરુષની હોય જ છે. કેટલીક બાંધેલી ગ્રંથિઓને કારણે કોણ કઇ રીતે વર્તશે તે કહેવું સહેલું નથી. ■

**ભારતીય સ્ત્રીઓની ફેન્ટસી અને પશ્ચિમી સ્ત્રીઓની ફેન્ટસીમાં ફરક છે. કેટલીક અર્બન મહિલાઓમાં આ ફરક હવે જોવા ન મળે પણ ભારતીય સ્ત્રીઓ પોતાની ફેન્ટસી અંગે એટલી સરળતાથી વાત નથી કરતી, પણ તેમને ફેન્ટસી કે ઇચ્છા નથી તેવું નથી. અહીં આ કોલમમાં ભારતીય સ્ત્રીઓની જ નહીં મહિલા માત્રની વાત થશે. પરંતુ ભારતીય સ્ત્રીને સાથે રાખીને. લેખમાં આવતાં દરેક નામ અને સ્થળ ખોટા છે, પણ વાત સાચી હોઇ શકે. માનવું ન માનવું વાચકની મરજી**